# છેતરપિંડી અંગે ચેતવણી

પાછલાં અમુક વર્ષોમાં કોર્પોરેટ છેતરપિંડીની ઘટનાઓમાં ધરખમ વધારો થયો છે અને તેનો વ્યાપ મોટા પ્રમાણમાં વધ્યો છે. અમારા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના જૂથની અન્ય કંપનીઓના ધ્યાનમાં એવો ટ્રેંડ આવ્યો છે કે છેતરપિંડી કરનારા અમુક લોકો નોકરી શોધતા ભોળા લોકોનો સંપર્ક કરી, તેમને અમારા જૂથની કંપનીઓમાં આકર્ષક નોકરીની ઓફર આપે છે. સંભવિત અરજદારનો વિશ્વાસ હાંસલ કર્યા પછી આ છેતરપિંડી કરનારાઓ તેમને નોકરીમાં નિયુક્તિ અથવા ઇન્ટરવ્યુ સાથે સબંધિત ફરજીયાત જરૂરિયાતો પૂરી કરવાનો ઝાંસો આપી નિયત બેંક ખાતામાં પૈસા જમા કરાવવા જણાવે છે.

તેમની કાર્યપ્રણાલી આ પ્રમાણે છે:

- પહેલીવાર સધારણ રીતે બહુજ **નાની રકમ** માગવામાં આવે છે, જેથી ઉમેદવારને સજાગ કર્યા વગર તેનો વિશ્વાસ જીતી શકાય અને તે નાણા જમા કરાવા પ્રેરિત થાય.
- એકવાર તે જાળમાં ફસી જાય પછી છેતરપિંડી કરનારાઓ જેમ નિર્ધારિત ઇન્ટરવ્યુ અથવા નિયુક્તિની તારીખ નજીક આવતી જાય તેમ **રકમની માગણીનું પ્રમાણ વધારતા જાય છે.**
- એવી પણ પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવી છે કે જેમાં તેઓ **લેપટોપ કોમ્પ્યુટર જેવી ઇનિશિયલ સ્ટાર્ટ-અપ કિટ આપવાના બહાને મોટી રકમ માગે છે.**
- નાણાં પડાવવા ઉપરાંત, આ છેતરપિંડી કરનારાઓ સૂચિત અરજીની પ્રક્રિયા દરમિયાન **ખાનગી માહિતીઓ પણ માગે છે.** પછી આ ડેટાને બજારમાં વેચી નાખે છે.

**આ છેતરપિંડીની ચેતવણીના માધ્યમથી અમે નોકરી ઈચ્છુક તમામ સંભવિત ઉમેદવારોને સાવચેત કરવા ઇચ્છીએ છીએ કે રિલાયન્સ નોકરી ઇચ્છુક ઉમેદવારને કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ કારણસર નાણાં જમા કરાવવાનું ફરમાન કરતી નથી.**

**વધુમાં સૂચિત કરાય છે કે:**

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના જૂથની કંપનીઓ **નોકરીની ઓફર અથવા તેના વતી લાભો અપાવવા માટે કોઈ પણ એજન્ટ, એજન્સી અથવા વ્યક્તિની નિમણુક કરતી નથી.**
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના જૂથની કંપનીઓ **કોઈ પણ નોકરી ઇચ્છુક વ્યક્તિને નોકરી અથવા ઇન્ટરવ્યુ માટે બોલાવવા નાણાંની માંગણી કરતી નથી.**
- **માર્કશીટ્સ, પેન કાર્ડ, આધાર કાર્ડ, સીવી જેવા અંગત દસ્તાવેજો વ્હોટ્સએપ થકી મોકલવા માટે ક્યારેય પૂછતી નથી.**
- **સંદેશવ્યવહાર કરવા માટે જીમેઇલ, યાહૂ, હોટમેઇલ, આઉટલૂક વગેરે જેવી અંગત ઇમેઇલ આઈડીનો ઉપયોગ કરતી નથી. નોકરી સંબંધી સર્વ વિધિસર સંદેશવ્યવહાર "@ril.com"થી પૂર્ણાહુતિ થતા ઇમેઇલ એડ્રેસનો ઉપયોગ કરવામાં આવે છે.**

જો નોકરી ઇચ્છુક કોઈ પણ વ્યક્તિ આવી કોઈ એજન્સી, એમ્પ્લોયમેન્ટ પોર્ટલ અથવા વ્યક્તિ સાથે વ્યહવાર કરશે તો તે વ્યક્તિ પોતાના જોખમે તેવું કરશે અને આવી ગતીવિધીથી થનાર કોઈ પણ, પ્રત્યક્ષ કે પરોક્ષ, નુકસાન માટે **રિલાયન્સ** ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના જૂથની કંપનીઓ જવાબદાર રહેશે નહીં.

ભરતી પ્રક્રિયામાં છેતરપિંડી સંબંધિત કોઈ પણ શંકાસ્પદ ગતિવિધિની જાણ થયે, ફ્રોડ એંડ મીસકંડ્કટ ઇંવેસ્ટિગેશન વિભાગને, recruitment.fraud@ril.com પર સુચિત કરવું આપણાં બન્ને પક્ષોના હિતમાં રહેશે.